# વોર્ડ નં. ૧માં દાવેદારોના નામ દમદાર છે

## કોંગ્રેસના વર્તમાન શહેર પ્રમુખ અને ભાજપના પૂર્વ શહેર પ્રમુખ ચૂંટણી લડવા આતુર છે

**મહાનગરનો મહાસંગ્રામ**

**- સંજય દૃષ્ટિ**

જાહેરનામુ સોમવારે પડવાનો વર્તારો હવે નિશ્ચિત લાગે છે. ૨૪મી એપ્રિલ કદાચ મતદાનનો દિવસ પણ હોઈ શકે. જે હોય તે અત્યારે તો દાવેદારોના દિવસ છે.

વોર્ડ નં. ૧માં દમદાર દાવેદારો છે. ભૌગોલિક રીતે વોર્ડ નં. ૧ એટલે સેક્ટર-૨૬, ૨૭, ૨૮ અને આદિવાડાનો વિસ્તાર સમાવાયો છે. ૧૯૬૧૯ મતદારો ચાર નગરસેવકોનું ભાવિ નિશ્ચિત કરશે. ગઈ ચૂંટણીમાં વોર્ડ નં. ૧ ની ત્રણેય બેઠકો ભાજપના સર્વશ્રી પ્રકાશભાઈ પટેલ, દેવેન્દ્રસિંહ ચાવડા અને જાગૃતિબેન પુરોહિત જીતી ગયા હતા. પાંચ વરસમાં પ્રવાહો બદલાયા પણ સીમાંકનો પણ બદલાયા. બોર્ડની આખી રચના બદલાઈ ગઈ. ૨૭ સેક્ટર કેન્દ્રમાં રહ્યું, પણ ૨૮ ઉમેરાતા અને ૨૩ નીકળી જતા પરિમાણો બદલાઈ ગયા છે. વર્તમાન કોર્પોરેટર પ્રકાશભાઈ પટેલ કદાચ વોર્ડ બદલી નાંખશે... અથવા બદલવો પડશે તો દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) અને જાગૃતિબેન પુરોહિત બન્ને ફરીથી આજ વોર્ડમાં નસીબ અજમાવવા આતુર છે. જ્યારે સેક્ટર-૨૮ના વર્તમાન કોંગ્રેસના કોર્પોરેટર શ્રી હર્ષજીત પંડ્યા પણ ચૂંટણી જંગમાં ઉતરવા તત્પર છે. ચારમાંથી ત્રણ કોર્પોરેટરો તો આજ વોર્ડમાંથી લડશે તેવું નિશ્ચિત મનાય છે.

ભાજપમાં દાવેદારોની લાંબી લાઈન છે. ભાજપ મહાનગરના નિવૃત્ત થયેલ પ્રમુખ તથા પક્ષના વરીષ્ઠ અગ્રણી નિતીનભાઈ પટેલનું નામ જોરશોરથી ગાજે છે. તો ભાજપ યુવા મોરચાના કર્મઠ કાર્યકર્તા અને પ્રદેશ કારોબારી સભ્ય શ્રી ઉરેનભાઈ પટેલ પણ જંગમાં આક્રમકતાથી ઝુકાવવા શસ્ત્ર સજાવે છે. આ ઉપરાંત વર્તમાન મેયર હંસાબેન મોદી અને વર્તમાન કોર્પોરેટર જાગૃતિબેન પુરોહીત પ્રખર દાવેદારો છે. ભાજપના અગ્રણીઓ સર્વશ્રી વિપુલભાઈ પટેલ, સુભાષભાઈ પટેલ, કીર્તિભાઈ પટેલ, દિલીપસિંહ ચૌહાણ, જશવંતસિંહ ચાવડા, સુનિલભાઈ ત્રિવેદી, ઝિલુભા ધાંધલ અને યુવરાજસિંહ વાઘેલા જેવા અગ્રણી કાર્યકરો પણ ટિકિટ મેળવવા વિશ્વાસ ધરાવે છે. પક્ષ કોને આદેશ આપશે એની ચર્ચાઓ ભરપુર ચાલે છે પણ નામો દમદાર છે.

કોંગ્રેસ પક્ષે પણ સ્થિતિ ભાજપ જેવી જ છે. કોને ટિકિટ આપવી અને કોને ન આપવી તેમાં પક્ષ મુંઝવણ અનુભવે છે અને અનુભવશે. કોંગ્રેસના શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ પણ ચૂંટણી લડવા તત્પર છે. વર્તમાન કોર્પોરેટર હર્ષજીત પંડ્યાનો દાવો અડીખમ છે. તો બીજી તરફ નવા ચહેરાઓમાં જાણીતા ઉદ્યોગપતિ કોસમોસ ગૃપના સમીર ત્રિવેદી, યુવા અગ્રણી સંજય પટેલ, નવીનભાઈ પટેલ, જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મેહુલ પટેલ, નાગરિક બેન્કના ડિરેક્ટર જયંતિભાઈ ભગત, અગ્રણી કાર્યકર શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા તથા ઉનાવાના પૂર્વ સરપંચ મહેશભાઈ પટેલે પણ મેદાનમાં ઉતરવાની તૈયારીઓ આરંભી છે. મહિલા બેઠક માટે શહેર મહિલા પ્રમુખ પ્રેમબા હાડા અને સુનિતાબેન સંજય પટેલના નામો ચર્ચામાં છે.

આમ બન્ને પક્ષે નામાવલિ વધતી જ જાય છે. સંભવિત ઉમેદવારોના નામો ચૂંટણી જંગની આછેરી ઝલક આપે છે. અને આ નામોથી જ સ્થાપિત થાય છે કે વોર્ડ નં. ૧નો જંગ કેવો કેટલો રસપ્રદ અને રોમાંચક બનશે. જો કે નામો નક્કી થયા પછી સટ્ટાબજારથી લઈ અફવા બજાર સુધી ઉછાળો વર્તાશે.

# ધૂળેટીની બપોરે કેનાલમાં ન્હાવા પડેલા ચાર મિત્રો ડુબી ગયા..!

### અમદાવાદના શિલજ વિસ્તારના ૧૨ મિત્રોનું ગ્રુપ કલોલના રાંચરડા સબ કેનાલ પાસે ન્હાવા પડ્યા હતા જે પૈકી ચાર ડુબી જતા મોતને ભેટ્યા : શોકનો માહોલ

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદના દશક્રોઈ તાલુકામાં સ્થિત શિલજ ગામનું ૧૨ મિત્રોનું ગ્રુપ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત રાંચરડા સબ કેનાલમાં ધુળેટીની બપોરે ન્હાવા ગયું હતું. દરમ્યાન ચાર મિત્રોના અચાનક પગ લપસતા કેનાલના પાણીમાં ડુબી ગયા હતા. ચારેય યુવાન મિત્રોના મૃતદેહ કેનાલમાંથી ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢ્યા હતા. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.

સાંતેજ પોલીસે ઘટના અંગે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે. અમદાવાદના શિલજ ગામના ૧૨ મિત્રો ધુળેટી રમીને કલોલના રાંચરડા સબ કેનાલ ખાતે નાસ્મેદ સીમમાં પાણીમાં ન્હાવા માટે પહોંચી ગયા હતા. મિત્રો કેનાલમાં ન્હાઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક ચાર મિત્રો ડુબવા લાગ્યા હતા. ગભરાઈ ગયેલા અન્ય મિત્રોએ બુમાબુમ કરતા ટોળુ ભેગુ થઈ ગયું હતું. ત્યાં સુધીમાં ચારેય ડુબેલા મિત્રો પાણીમાં દેખાતા બંધ થઈ ગયા હતા. ૧૯ વર્ષિય વિનય ત્રિભુવનદાસ પરમાર, ૨૩ વર્ષિય જયેશ બીપીનભાઈ પરમાર, ૧૯ વર્ષિય પિયુષ ભીખાભાઈ શ્રીમાળી અને ૨૧ વર્ષિય ચિરાગ ભાનુભાઈ શ્રીમાળી ચાર મિત્રો ડુબી જતા પરિવારજનો જાણ થતા દોડી આવ્યા હતા.

એક તરફ ધૂળેટીનો તહેવાર અને બીજી તરફ હૈયાફાટ રૂદન થઈ રહ્યું હતું. વિનય પરમારના કાકા બીપીનભાઈ આલજીભાઈ પરમારે પોલીસ અને ફાયરબ્રિગેડને જાણ કરતા ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ચારેયના મૃતદેહો બહાર કાઢ્યા હતા. આ ઘટનાથી શોકની કાલીમા છવાઈ ગઈ હતી. સાંતેજ પીએસઆઈ જે.એન. ખાટે ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.




ગુડ ફ્રાઈડે - ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૩ ખાતે આવેલ ચર્ચમાં ગુડ ફ્રાઈડે નિમિત્તે વિશેષ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું... વિશેષ પ્રાર્થનામાં નગરના ખ્રિસ્તી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા...

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરમાં હોળી-ધૂળેટીની બે રજા દરમ્યાન ૨૦થી પણ વધુ પ્રસુતિઓ નોંધાઈ છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ-કોંગ્રેસ દ્વારા પોતપોતાના હથિયાર સજાવાઈ રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઉનાળાની ગરમીનો આકરો તાપ શરૂ થતાં જ વીજળી-પાણીની માંગમાં વધારો થવા પામ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ઘરવિહોણા ખેતમજૂરો માટે માત્ર બે જ પ્લોટ મંજૂર કરાયા છે અને ૧ પ્લોટનો જ કબ્જો આપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠક હવે મહાનગરપાલિકાની ચૂંટણી પછી યોજાશે.
- ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની ઈલેક્ટ્રીક બસ સેવા ૧લી મે થી કાર્યરત કરવા માટેની કવાયત ચાલી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં જંતુનાશક દવાના ૧૯ નમુના બિન પ્રમાણિત થયા હતા.

## રાંધેજામાંથી એક્ટીવા પર દારૂની બોટલો લઈને જતા બે પકડાયા

ગાંધીનગર, તા. ૨૫

ધુળેટીના દિવસે પેથાપુર પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમીને આધારે રાંધેજા ગામમાં પહોંચી ગઈ હતી ને ત્યાંથી પસાર થયેલા એક્ટીવાને ઉભુ રખાવી તપાસ કરતા રોયલ સ્ટેંગ બ્રાન્ડની ૭ નંગ બોટલ મળી આવી હતી. દારૂની ૭ બોટલ સાથે રાંધેજાના પ્રદિપ ટાંક અને નિરજ સાધુ નામના બે શખ્સોની પોલીસે ધરપકડ કરી દારૂની બોટલો, મોબાઈલ અને એક્ટીવા મળીને કુલ રૂ. ૪૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિસિકાની બેઠકના સ્થળમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૫

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ૩ માર્ચને ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક સેક્ટર-૧૨, શ્રી વિશ્વકર્મા સેવા સમાજ હોલ ખાતે મળશે. સિસિકાના સર્વે સભ્યોએ બેઠકના સ્થળ ફેરફાર અંગે ખાસ નોંધ લેવી. આ બેઠકમાં સર્વે સભ્યોને હાજર રહેવા મંત્રી જીવણલાલ શાહે જણાવ્યું છે.




ભાજપનો આક્રોશ - કોંગ્રેસના નેતા શશી થરૂરના નિવેદન સામે ભાજપનો ભારે આક્રોશ ફાટી નિકળ્યો હતો. શુક્રવારે ભાજપના આગેવાનોએ રેલી કાઢી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ત્યાર બાદ પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો... (તસવીર : દિપક જાની)



## શહેરમાં ઉજવાયો ટોમેટીનો ફેસ્ટિવલ

હોળી-ધુળેટી એ ભારતીય તહેવાર છે. વિશ્વમાં અનેક સ્થળે આ તહેવાર ઉજવાય છે. સ્પેનમાં ઉજવાતો 'ટોમેટીનો' હોળીને મળતો આવતો તહેવાર છે. હવે ભારતમાં પણ આ તહેવારની લોકપ્રિયતા વધી રહી છે. ગાંધીનગરના ભાટ ગામે આવેલ 'નારાયણી હાઈટ્સ' ખાતે ધુળેટીના દિવસે 'ટોમેટીનો ફેસ્ટિવલ તથા રેઈન ડાન્સ'નું આયોજન કરાયું હતું. જેમાં અનેક યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ આનંદ માણ્યો હતો.

# હત્યા જેવા ગંભીર ગુનાની તપાસમાં પણ પોલીસની ચલકચલાણી!!!

### ગાંધીનગર પોલીસે ગૃહ વિભાગના નોટિફિકેશનના સહારે હત્યાનો ગુનો નરોડા પોલીસને ટ્રાન્સફર કર્યો : આજ ગુનો નરોડા પોલીસે પોલીસ કમિશનરના જાહેરનામાના સહારે પાછો ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનને ફંગોળ્યો : હજુ સુધી હત્યા કોની થઈ છે તે પણ શોધી શકાયું નથી તો હત્યારા ક્યારે પકડાશે?

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક આવેલ એપોલો સર્કલ નજીક નાના ચિલોડા માર્ગ પર સાબરમતી નદીના પટમાં ૧૧ દિવસ પહેલા એક અજાણ્યા યુવાનની કરપીણ હત્યા કરી હત્યારાઓ મૃતદેહ ત્યાં જ ફેંકીને ભાગી ગયા હતા. હત્યાનો ગુનો દાખલ કરી ઈન્ફોસીટી પોલીસે ગુનાની જગ્યા નરોડા પોલીસ સ્ટેશનની હદમાં આવતી હોવાનું કહી ગુનો ઝીરો નંબરથી નરોડા પોલીસ સ્ટેશનને ટ્રાન્સફર કર્યો હતો. દસ દિવસ બાદ નરોડા પોલીસે આજ ગુનો ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં આવતો હોવાનું કહી હત્યા જેવા ગંભીર ગુનાની 'બાઈ બાઈ ચારણી' કરી છે.

હવે ઈન્ફોસીટી પોલીસે પુનઃ હત્યાની તપાસ હાથ ધરી છે.

હદની બાબતમાં પોલીસ વખતો વખતથી બિલકુલ બેશરમ બનીને બિન્દાસ્ત હદ વટાવી રહી છે. આવા સંખ્યા બંધ ગુનાઓ હદની માથાકૂટના લીધે પોલીસ સ્ટેશન સુધી પહોંચતા નથી અને પહોંચે તો ફરિયાદીને જ આરોપીની જેમ આ પોલીસ સ્ટેશનથી પેલા પોલીસ સ્ટેશને ચલકચલાણી રમાડવામાં આવે છે. અકસ્માત મોત, માર્ગ અકસ્માત, ચોરી, લૂંટ અને ચેઈન સ્નેચિંગ જેવા ગુનાઓ સુધી હદની માથાકૂટ થોડી પણ વ્યાજબી માની લેતા હતા. પરંતુ હવે તો હત્યા જવા ગંભીર ગુનાઓમાં પણ બબ્બે સપ્તાહ સુધી કોણ તપાસ કરશે તે ખ્યાલ નથી આવતો. ખૂબ જ શરમજનક આવી જ એક ઘટના ગાંધીનગર-અમદાવાદ પોલીસ વચ્ચે બની છે. તા. ૧૩મી માર્ચે એક અજાણ્યા યુવાનની લાશ એપોલો સર્કલથી નાના ચિલોડા તરફ જતા માર્ગ પર પસાર થતી સાબરમતી નદીના તટ પરથી મળી આવી હતી. મોંઢાના ભાગે ઘા મારી અડધુ મોં છુંદી નાંખેલી હાલતમાં મળી આવેલી આ લાશ કોની છે તે પણ જાણી શકાયું નહોતું, ઈન્ફોસીટી પોલીસે હત્યાનો ગુનો નોંધી ગૃહ વિભાગના નોટીફીકેશનનો સહારો લઈ આ હદ નરોડા પોલીસ સ્ટેશનનું હોવાનું કહી ઝીરો નંબરથી ગુનો ટ્રાન્સફર કરી દીધી હતો. બે દિવસ અગાઉ તા. ૨૩ માર્ચે નરોડા પોલીસે પોલીસ કમિશનરના જાહેરનામાનો સહારો લઈ દસ દિવસ બાદ ફરી તપાસ ફુટબોલની માફક ઈન્ફોસીટી પોલીસમાં ફંગોળી છે. હવે, ઈન્ફોસીટી પોલીસે આ ગુનો દાખલ કરી હત્યાની તપાસ હાથ ધરી છે. શરમજનક બાબત તો એ છે કે હત્યા કોની થઈ છે તે યુવાનની ઓળખ સુધ્ધાં કરવાની બે સપ્તાહ બાદ પણ પોલીસે તસ્દી લીધી નથી તો હત્યારા સુધી પહોંચવાની વાત તો કેટલે દૂર રહી?

# શહેરના કેસુડીયા વન ખાતે આદિવાસી સમાજ દ્વારા ધુળેટી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર- ૩ એ ન્યુ ખાતે આવેલા કેસુડીયા વન ખાતે પરંપરાગત રીતે આદિવાસી સમાજના ભાઈ-બહેનો દ્વારા હોળી - ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં આદિવાસી સમાજના ભાઈ બહેનો ઢોલ, કુંડી, લેઝીમ અને દાંડીયા રમીને ધુળેટી પર્વ ઉત્સાહભેર મનાવવામાં આવ્યો હતો. આ આદિવાસી સમાજની ધુળેટીની ઉજવણી જોવા શહેરમાંથી મોટીસંખ્યામાં નગરજનો ઉમટી પડે છે અને આ અનોખી ઉજવણી જોઈ ને હરખાય છે.

ગાંધીનગર શહેરના સેકટર - ૩ એ ન્યુ ખાતે છેલ્લા આઠ વર્ષથી ડુંગરી ગરાસીયા સેવા સમાજ દ્વારા હોળી - ધુળેટી પર્વની ઉજવણી કેસુડીયા વન ખાતે કરવામાં આવે છે. જેમાં શહેરમાં વસતા આદિવાસી સમાજના ભાઈ - બહેનો કે જેઓ પોતાના વતન હોળી પર્વની ઉજવણીમાં જઈ શકતા નથી તેઓ પોતાના સમાજના ભાઈ બહેનો સાથે કેસુડીયા વન ખાતે ધુળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરે છે.

ધુળેટીના દિવસે બપોરે ૩ કલાકે થી સમાજના ભાઈ બહેનો આવી પહોંચ્યા હતા. જેમા પંચમહાલ, સુરત, બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા સહિતના જિલ્લાના આદિવાસી ભાઈ બહેનનો સમાવેશ થાય છે. સમાજના યુવાનો, મહિલાઓ, ભાઈઓ હાથમાં ઢોલ, નગારા, કુંડી, લેઝીમ, દાંડીયા સાથે હોળીની મોજ માણે છે જયારે બહેનો માથે જવારા લઈને હોળીની પ્રદક્ષીણા ફરે છે. જયારે આ પ્રસંગે સમાજના ત્રણ નવ પરણીત યુગલોએ હોળીની પ્રદક્ષીણા કરી હતી. ગાંધીનગરમાં વસતા સમાજના ૧૫૦૦થી વધુ ભાઈ બહેનો કેસુડીયા વન ખાતે આવી પહોંચ્યા હતા. હોળીની ઉજવણી બાદ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

હોળીની ઉજવણીમાં આદિવાસી સમાજની મહિલાઓ હાથમાં લેઝીમ સાથે તેમજ યુવાનો ઢોલ તેમજ કુંડી લઈને મોડી સાંજ ઝુમ્યા હતા. હોળી સમિતિના સભ્યો રસીક કટારા, રણછોડ નિનામા, કીરીટ બરંડા સહિત અન્ય હોદેદારો એ હોળીની ઉજવણીની વ્યવસ્થામાં ભારે જહેમત ઉઠાવી હતી. ગાંધીનગરાઓ પણ મોટીસંખ્યામાં આ અનોખી ધુળેટીની ઉજવણી જોવા માટે મોટી સંખ્યામાં આવે છે .

# ચિલોડાના યુવાનો દ્વારા ધૂળેટીની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫







સમગ્ર ગાંધીનગર જિલ્લામાં હોળીનું પર્વ પરંપરાગત રીતે ઉલ્લાસપૂર્ણ માહોલમાં ઉજવવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ક્ષત્રિય-ઠાકોર સમાજ દ્વારા આગવી રીતે હોળી ઉજવવામાં આવે છે. જેમાં યુવાનો મહાભારત-રામાયણ આધારિત પૌરાણિક કથાનકોની વેશભૂષા ભજવે છે.

ચિલોડા ખાતે વર્ષો જુની પરંપરા મુજબ ક્ષત્રિય-ઠાકોર સમાજ દ્વારા મહાકાળી માતાજીના મંદિરના ચોકમાં ધૂળેટીનો વિશેષ ખેલ યોજવામાં આવે છે. આ ખેલમાં ક્ષત્રિય-ઠાકોર સમાજના યુવાનો વૈદિક સંસ્કૃતિના દેવી-દેવતાઓ તેમજ રામાયણ અને મહાભારત વગેરે કથાનકોના પાત્રોની વેશભૂષા ધારણ કરી ખેલ રજૂ કરે છે. આ ખેલ જોવા માટે માત્ર ચિલોડા જ નહી પરંતુ તેની આસપાસના અનેક ગામોના ગ્રામજનો ઉમટી પડે છે. નાના ભૂલકાઓમાંથી માંડીને ગામના વડીલોમાં આ ખેલની જબરી લોકપ્રિયતા છે. યુવાનો દ્વારા ભજવાતા પાત્રોને દર્શકો તાળીઓથી વધાવી લીધા હતા. આમ ચિલોડામાં પરંપરાગત રીતે ધૂળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.